આજની મેચ SRH v/s LSG ▶ સમયઃ સાંજે 7:30 વાગ્યે ▶ સ્થળઃ હૈદરાબાદ

ટીમ	મેચ	જીત	હાર	પોઈન્ટ	રન રેટ
SRH	01	01	00	02	2.200
RCB	01	01	00	02	2.137
PBKS	01	01	00	02	0.550
CSK	01	01	00	02	0.493
DC	01	01	00	02	0.371
KKR	02	01	01	02	-0.308
LSG	01	00	01	00	-0.371
MI	01	00	01	00	-0.493
GT	01	00	01	00	-0.550
RR	02	00	02	00	-1.882

ડિ કોકની તોફાની ઈનિંગથી KKRએ રાજસ્થાનને 8 વિકેટે હરાવ્યું

રાજસ્થાનના બેટ્સમેનો સારી શરૂઆતને મોટી ઇનિંગમાં ન ફેરવી શક્યા, જુરેલના સર્વાધિક 33 રન, સ્કોર 151 રન

ક્વિન્ટન ડિ કોકની 97 રનની નોટઆઉટ ઇનિંગથી કેકેઆરે 17.3 ઓવરમાં બે વિકેટે લક્ષ્યાંક આંબી લીધો

ગુવાહાટી, તા. 26 : આઈપીએલમાં આજે બુધવારે અહીંના બારસાપારા ક્રિકેટ સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સની સારી શરૂઆત પછી કોલકાતા નાઈટ રાઈડર્સના બોલરોએ તેમને અંકુશમાં લેતા 20 ઓવરમાં 9 વિકેટે 151 રન સુધી તેઓ સિમિત રહ્યા હતા અને તેને પગલે મળેલા 152 રનના લક્ષ્યાંકને ક્વિન્ટન ડિ કોકની 97 રનની નોટઆઉટ ઈનિંગની મદદથી કોલકાતા નાઈટ રાઈડર્સે 17.3 ઓવરમાં બે વિકેટે લક્ષ્યાંક આંબી લઈને આઠ વિકેટે જીત મેળવી હતી.

લક્ષ્યાંક આંબવા ઉતરેલી કેકેઆર વતી ડિ કોકે એકલા હાથે જીત અપાવી હોય તેવું સ્કોર કાર્ડને જોતા લાગતું હતું. બે વિકેટ પડ્યા પછી તેની સાથે જોડાયેલા અંગકૃશ રઘુવંશીએ માત્ર 22 રન કર્યા હતા પણ એ બંને વચ્ચે 83 રનની નોટઆઉટ ભાગીદારી થઈ હતી. રાજસ્થાન પોતાની બંને મેચ હાર્યું છે, જ્યારે કેકેઆરે બે મેચમાં એક જીત મેળવી છે.

ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી રાજસ્થાનને સંજૂ સેમસન અને યશસ્વી જયસ્વાલે આક્રમક શરૂઆત અપાવી હતી અને પાવરપ્લેમાં તેમણે એક વિકેટે 55 રન બનાવ્યા હતા. જો કે તે પછી મોઈન અલી અને વરુણ ચક્રવર્તીની સ્પિન બેલડીએ રાજસ્થાનના બેટ્સમેનોને અંકુશમાં લેતા તેઓ નિયમિત સમયાંતરે વિકેટ ગુમાવતા રહ્યા હતા અને અંતે તેઓ 151 રન સુધી પહોંચ્યા હતા. રાજસ્થાન તરફથી ધ્રુવ જુરેલે સર્વાધિક 33 રન બનાવ્યા હતા. તેના સિવાય જયસ્વાલે 29, રિયાન પરાગે 25, સેમસને 13 અને જોફ્રા આર્ચરે 16 રન કર્યા હતા. આ સિવાય કોઈ બે આંકડે પહોંચી શક્યું નહોતું. કેકેઆર વતી મોઈન, વરુણ, હર્ષિત રાણા, વૈભવ અરોરાએ બે-બે વિકેટ જ્યારે સ્પેન્સર જોહન્સને એક વિકેટ લીધી હતી.

રાજસ્થાન રોયલ્સ	રન	બોલ	4	6
જયસ્વાલ કો.હર્ષિત બો.મોઇન	29	24	2	2
સેમસન બો.અરોરા	13	11	2	0
પરાગ કો.ડિ કોક બો.વરુણ	25	15	0	3
નીતિશ બો.મોઇન	8	9	0	0
હસરંગા કો.રહાણે બો.વરુણ	4	4	0	0
જુરેલ બો.હર્ષિત	33	28	5	0
શુભમ દુબે કો.રસેલ બો.અરોરા	9	12	1	0
હેટમાયર કો.રઘુવંશી બો.હર્ષિત	7	6	1	0
આર્ચર બો.જોહન્સન	16	7	0	2
તિક્શાના નોટઆઉટ	1	1	0	0
તુષાર નોટઆઉટ	2	1	0	0
વધારાના	4			
કુલ (20 ઓવરમાં નવ વિકેટે)	151			

વિકેટપતન : 1/33, 2/67, 3/69, 4/76, 5/82, 6/110, 7/131, 8/138, 9/149,

બોલિંગ	O	M	R	W
સ્પેન્સર જોહન્સન	4	0	42	1
વૈભવ અરોરા	4	0	33	2
હર્ષિત રાણા	4	0	36	2
મોઇન અલી	4	0	23	2
વરૂણ ચક્રવર્તી	4	0	17	2

કોલકાતા નાઇટ રાઇડર્સ	રન	બોલ	4	6
મોઇન રનઆઉટ	5	12	0	0
ડિ કોક નોટઆઉટ	97	61	8	6
રહાણે કો.તુષાર બો.હસરંગા	18	15	1	1
રઘુવંશી નોટઆઉટ	22	17	2	0
વધારાના	11			
કુલ (17.3 ઓવરમાં બે વિકેટે)	153			

વિકેટ પતન : 1/41, 2/70

બોલિંગ	O	M	R	W
જોફ્રા આર્ચર	2.3	0	33	0
મહિષ તિક્શાના	4	0	32	0
રિયાન પરાગ	4	0	25	0
સંદીપ શર્મા	2	0	11	0
વનિન્દુ હસરંગા	3	0	34	1
નીતિશ રાણા	1	0	9	0
તુષાર દેશપાંડે	1	0	7	0

મેસી અને આર્જેન્ટિનાની ટીમ ઓક્ટોબરમાં પ્રદર્શન મેચ માટે ભારતનો પ્રવાસ કરશે

14 વર્ષ પછી વર્લ્ડકપ વિજેતા કેપ્ટન પોતાની ટીમ સાથે ભારત આવીને પ્રદર્શન મેચ રમશે

મેસી આ પહેલા 2011માં વેનેઝુએલા સામેની વર્લ્ડકપ ક્વોલિફાઇંગ મેચ રમવા ભારત આવ્યો હતો

નવી દિલ્હી, તા.26 (પીટીઆઇ) : આર્જેન્ટીનાની ફૂટબોલ ટીમનો વર્લ્ડકપ વિજેતા કેપ્ટન લિયોનલ મેસી 14 વર્ષે ભારતની મુલાકાતે આવી રહ્યો છે. મેસી સહિતની આર્જેન્ટીનાની ટીમ ઓક્ટોબરમાં એક પ્રદર્શન મેચ રમશે જેને પગલે ભારતના ફૂટબોલ ચાહકો ફરી એકવાર ભારતીય ધરતી પર મેસી અને તેની ટીમને રમતા જોઇ શકશે.

ગત વર્ષે નવેમ્બરમાં કેરળના રમત મંત્રી વી અબ્દુરહેમાનીએ જાહેર કર્યું હતું કે આર્જેન્ટીનાની ટીમ દક્ષિણના આ રાજ્યની મુલાકાત લઇને કોચીમાં બે પ્રદર્શન મેચ રમશે. બુધવારે એચએસબીસી ઇન્ડિયા ભારતમાં ફૂટબોલને ઉત્તેજન અને સહકાર આપવા માટે આર્જેન્ટીના ટીમનું સત્તાવાર પાર્ટનર બન્યું હતું અને તેણે જાહેરાત કરી હતી કે આ મેચ ઓક્ટોબરમાં આયોજીત થશે. એચએસબીસી દ્વારા જારી કરાયેલી એક રિલિઝમાં જણાવાયું હતું કે આ ભાગીદારી હેઠળ મેસી સહિતની આર્જેન્ટીનાની ટીમ ઓક્ટોબરમાં એક ઇન્ટરનેશનલ પ્રદર્શન મેચ માટે ભારતનો પ્રવાસ કરશે. મેસી આ પહેલા સપ્ટેમ્બર 2011માં કોલકાતામાં વેનેજુએલા સામે વર્લ્ડકપ ક્વોલિફાઇંગ મેચ રમવા માટે આવ્યો હતો. આર્જેન્ટીનાએ સોલ્ટ લેક સ્ટેડિયમમાં એ મેચ 1-0થી જીતી હતી. આર્જેન્ટીના ફૂટબોલ એસોસિએશનના અધ્યક્ષ ક્લાઉડિયો ફેબિયન તાપિયાએ કહ્યું હતું કે એએફએના ઇન્ટરનેશનલ વિસ્તાર માટે એક નવો માઇલસ્ટોન મેળવી લેવાયો છે, જેનાથી ભારત અને સિંગાપોર બંનેમાં નવી તકો ખુલી રહી છે. એએફએના ચીફ કોમર્શિયલ અને માર્કેટિંગ ઓફિસર, લીએન્ડ્રો પીટરસને પુનરોચ્ચાર કર્યો કે આ પહેલ મુખ્ય વિકાસ બજારોમાં તેમની લાંબા ગાળાની વૈશ્વિક વિસ્તરણ વ્યૂહરચના સાથે સુસંગત છે.

WPLમાં હાલ તત્કાળ ટીમ વધારવાની બીસીસીઆઈની કોઈ યોજના નથી

ત્રણ સીઝન પછી WPLમાં ટીમોની સંખ્યા વધારવાની BCCIએ યોજના બનાવી હતી પણ હાલ તેમણે તેને પડતી મૂકી

ત્રણ સીઝનમાં ડબલ્યુપીએલએ ઘણો વિકાસ સાધ્યો છે. સ્ટેડિયમમાં ભીડ પણ જોવા મળી હોવાનું અરૂણ ધૂમલે સ્વિકાર્યું

નવી દિલ્હી, તા. 26 : છેલ્લા ત્રણ વર્ષમાં વિમેન્સ પ્રીમિયર લીગ (ડબલ્યુપીએલ) એ ઘણો વિકાસ સાધ્યો છે, તેમ છતાં બીસીસીઆઈ હાલ તત્કાળ તેની હાલની ટીમ સંખ્યા પાંચથી આગળ વધારવાનું વિચારતું નથી એવું આઈપીએલ ચેરમેન અને ડબલ્યુપીએલ કમિટીમાં પણ સામેલ અરૂણ ધૂમલે જણાવ્યું હતું. ડબલ્યુપીએલ સમિતિની અધ્યક્ષતા ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ)ના અધ્યક્ષ રોજર બિન્ની કરે છે, બોર્ડે ત્રણ સીઝન પછી ડબલ્યુપીએલમાં ટીમોની સંખ્યા વધારવાની યોજના બનાવી હતી, પરંતુ હાલમાં બોર્ડને તેના વિશે કોઈ ઉતાવળ નથી. ધૂમલે પીટીઆઈ સાથેની વાતચીતમાં કહ્યું હતું કે હાલમાં, આ ટુર્નામેન્ટને વધુ વિકસિત કરવા માટે, અમે કોઈપણ ટીમનો સમાવેશ કરતા પહેલા તેને મજબૂત બનાવવા માંગીએ છીએ. વધારાની ટીમો ઉમેરવાની તાત્કાલિક કોઈ યોજના નથી. ત્રણ સીઝનમાં ડબલ્યુપીએલએ ઘણો વિકાસ સાધ્યો છે.

હારિસ રઉફની પાકિસ્તાનની વનડે ટીમમાં વાપસી

કરાચી, તા. 26 : પાકિસ્તાનના ફાસ્ટ બોલર હારિસ રઉફને ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ મેચની વનડે સીરિઝ માટે ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. શરૂઆતમાં તેને આ સીરિઝમાંથી બહાર કરવામાં આવ્યો હતો. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ખરાબ પ્રદર્શનને કારણે રઉફ અને શાહીન શાહ આફ્રિદીને વન ડેમાંથી બહાર રાખવામાં આવ્યા હતા પરંતુ ટી-20 ટીમમાં તેમનો સમાવેશ કરવામાં આવ્યો હતો.તાજેતરમાં પૂર્ણ થયેલી ટી-20 સીરિઝમાં સાત વિકેટ સાથે રઉફ પાકિસ્તાન તરફથી સૌથી વધુ વિકેટ લેનાર બોલર બન્યો. ન્યુઝીલેન્ડની ટીમે આ સીરિઝ 4-1થી જીતી હતી, ત્યારબાદ ટીમ મેનેજમેન્ટે પોતાના નિર્ણય પર પુનર્વિચાર કરવો પડ્યો હતો.

આજે સનરાઇઝર્સની નજર સતત બીજી જીત પર, લખનૌ જીતના પાટે ચઢવા માગશે

ઋષભ પંત એન્ડ કંપની માટે ટ્રેવિસ હેડ, ઇશાન કિશનના તોફાનને રોકવું એક મુશ્કેલ ટાસ્ક બની શકે

સાંજે 7.30 વાગ્યે શરૂ થનારી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ અને લાઇવ સ્ટ્રીમીંગ જીયોહોટસ્ટાર પર

હૈદરાબાદ, તા. 26 : આઈપીએલમાં આવતીકાલે ગુરૂવારે જ્યારે અહીં સનરાઈઝર્સ હૈદરાબાદ અને લખનૌ સુપર જાયન્ટ્સ એકબીજા સામે મેદાને ઉતરશે ત્યારે સનરાઈઝર્સની નજર સતત બીજી જીત મેળવવા પર હશે, જ્યારે એલએસજી માટે ટ્રેવિસ હેડ અને ઈશાન કિશના તોફાનને રોકવાનો મુશ્કેલ પડકાર હશે.

એસઆરએચે પોતાની પ્રથમ હોમ મેચમાં રાજસ્થાન રોયલ્સ સામે મોટો સ્કોર બનાવ્યો હતો અને તેઓ ફરી એકવાર એલએસજી સામે પણ એવું કરવા માગશે. હૈદરાબાદના બેટ્સમેન કોઈપણ પ્રકારના આક્રમણને તોડી પાડવામાં માહિર છે. વર્તમાન રનર-અપ સનરાઈઝર્સ ટીમે આ સિઝનમાં પણ પોતાની આક્રમક શૈલી જાળવી રાખી છે. પેટ કમિન્સની આગેવાની હેઠળની સનરાઈઝર્સ ટીમમાં ઘણા વિસ્ફોટક બેટ્સમેન છે. અને આવી સ્થિતિમાં, ઋષભ પંતની આગેવાની હેઠળની ટીમ માટે તેમના મુખ્ય બોલરોની ગેરહાજરીમાં તેમને કાબુમાં લેવાનું સરળ રહેશે નહીં. છેલ્લી મેચમાં, સનરાઈઝર્સના બેટ્સમેનોએ રાજસ્થાન રોયલ્સના બોલરોની ધોલાઈ કરીને છ વિકેટે 286 રન બનાવ્યા જેમાં ઈશાન કિશને સદી ફટકારી હતી. દિલ્હી કેપિટલ્સ સામે પહેલી મેચ હારેલું એલએસજી મિડલ ઓવરમાં લથડવાની આદત છોડવી પડશે.

આર્જેન્ટિનાએ વર્લ્ડકપ માટે ક્વોલિફાય કર્યા પછી બ્રાઝિલને હરાવી ઉજવણી કરી

બોલિવિયા અને ઉરુગ્વેની મેચ ડ્રો થયા બાદ આર્જેન્ટીના ફિફા વર્લ્ડકપ માટે ક્વોલિફાઇ થઇ ગયું

એક કલાક પછી પરંપરાગત હરીફ બ્રાઝિલને 4-1થી હરાવીને આર્જેન્ટીનાએ જાણે કે તેની ઉજવણી કરી

બ્યુનોસ આયર્સ, તા. 26 (એપી) : આર્જેન્ટિના માટે આજનો મંગળવારનો દિવસ ખાસ હતો. તેમની ફૂટબોલ ટીમે પહેલા આવતા વર્ષના ફૂટબોલ વર્લ્ડકપ માટે ક્વોલિફાય કર્યું હતું અને તેના કલાક પછી રમાયેલી એક મેચમાં તેમના કટ્ટર હરીફ બ્રાઝિલને 4-1થી હરાવીને પોતાના વર્લ્ડકપ ક્વોલિફિકેશનની જાણે કે ઉજવણી કરી હતી.

બોલિવિયા અને ઉરુગ્વેની મેચ ડ્રો થયા બાદ ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાએ ઘરઆંગણે બ્રાઝિલ સામેની મેચ પહેલા જ વર્લ્ડકપમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું હતું. આ સાથે આર્જેન્ટિના અમેરિકા, કેનેડા અને મેક્સિકો દ્વારા સંયુક્ત રીતે યોજાનાર 2026ના વર્લ્ડકપ માટે ક્વોલિફાય થનાર પ્રથમ દક્ષિણ અમેરિકન ટીમ બની હતી.

ઈજાગ્રસ્ત લિયોનેલ મેસીની ગેરહાજરી છતાં, આર્જેન્ટિનાએ મંગળવારે મોન્યુમેન્ટલ ડી નુનેઝ સ્ટેડિયમમાં 85,000 ચાહકોની સામે બ્રાઝિલને 4-1થી હરાવ્યું હતું. એવું પહેલી વાર બન્યું છે જ્યારે આર્જેન્ટિનાએ વર્લ્ડ કપ ક્વોલિફાઈંગમાં બ્રાઝિલ સામે બંને મેચ જીતી છે.

દક્ષિણ અમેરિકન વર્લ્ડકપ ક્વોલિફાઈંગ ઈતિહાસમાં બ્રાઝિલની સૌથી ખરાબ હારથી ગયા વર્ષે જાન્યુઆરીમાં કાર્યભાર સંભાળનાર કોચ ડોરિવલ જુનિયર પર દબાણ વધ્યું હતું.

બ્રાઝિલ 21 પોઈન્ટ સાથે દક્ષિણ અમેરિકન ક્વોલિફાઈંગમાં ચોથા ક્રમે છે. તેઓ ટોચના ક્રમે રહેલા આર્જેન્ટિનાથી 10 પોઈન્ટ અને બીજા ક્રમે રહેલા ઈક્વાડોરથી માત્ર બે પોઈન્ટ પાછળ છે. અન્ય એક મેચમાં ચિલી સામે ઈક્વાડોરે ગોલ રહિત ડ્રો રમી હતી. ત્રીજા ક્રમે રહેલા ઉરુગ્વે અને પાંચમા ક્રમે રહેલા પેરાગ્વેના પણ 21 પોઈન્ટ છે, જ્યારે કોલંબિયા છઠ્ઠા ક્રમે છે. વેનેઝુએલાના 15 પોઈન્ટ છે અને તે સાતમા સ્થાને છે. વેનેઝુએલાએ નવમા ક્રમે રહેલા પેરુ પર 1-0થી વિજય મેળવ્યો હતો.

સુડોકુ - ૬૧૭૬

૮		૨	૪	૩				૯
૬	૩	૯		૮	૭			૪
	૪		૨	૯	૬		૧	૮
૩		૬	૫	૪	૨		૮	૧
૧		૮			૯	૨		
૨			૩	૧		૯		
		૧			૩		૫	૨
૫			૯			૧	૩	
	૨		૬					

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૭	૩	૨	૬	૮	૫	૬	૯	૧
૬	૯	૮	૧	૭	૩	૨	૫	૪
૫	૧	૪	૨	૯	૮	૭	૩	૬
૩	૮	૭	૪	૬	૨	૧	૯	૫
૧	૬	૯	૭	૫	૩	૪	૨	૮
૨	૪	૫	૯	૧	૮	૩	૬	૭
૮	૭	૩	૫	૨	૧	૯	૪	૬
૯	૫	૧	૮	૪	૬	૨	૭	૩
૪	૨	૬	૩	૭	૯	૫	૧	૮

૬૧૭૬-ઇઝી કૌડરિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

10. લોહીની ઊલટી

અરડૂસીના પાન લાવી ધોઈ સ્વચ્છ કરી 30 ગ્રામ પાનનો સ્વરસ કાઢી પીવા આપો. દર અડધા કલાકે આપતાં રહેવું

આજનું પંચાંગ

તા. 27/03/2025, ગુરુવાર

વિક્રમ સંવત : 2081 **શાકે :** 1946
વીર સંવત : 2551 **માસ :** ફાગણ
તિથિ: વદ: તેરસ : 23:05, પ્રદોષ
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ચૈત્ર : 06
યોગ : સાધ્ય
નક્ષત્ર : શતભિષા : 24:35 **કરણ :** ગર
રાશિ: કુંભ (ગ.સ.શ.ષ.)
દિવસ : અશુભ, શિવરાત્રી
સુરતમાં સૂર્યોદય : 06:38 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:50
નવકારસી : 07:26
પારસી વર્ષ : 1394, આવાં માસનો 15 મો રોજ
મુસલમાન વર્ષ : 1446, રમજાન માસનો 26મો રોજ
દિવસનાં ચોઘડિયાં: શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ
રાત્રિનાં ચોઘડિયાં: અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત
રાહુ કાળ : બપોરે : 13:30 થી 15:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ,લ,ઇ,): વિદ્યાર્થીઓએ ધીરજ રાખવી. સંતાનનાં કામની ચિંતા વધે. સમાજ જીવનમાં પ્રગતિ થાય.

વૃષભ (બ,વ,ઉ,): નોકરીમાં પ્રગતિ કે પગાર વધારો થાય. વધારાની આવકની યોજના પાર પડી શકે છે.

મિથુન (ક,છ,ઘ,): વડીલો, જીવનસાથી વગેરે સાથે ધાર્મિક પ્રવાસ થાય. ઉચ્ચ વર્ગ સાથે તાલ મળે રાખવો.

કર્ક (ડ,હ,): સરકારી કામમાં ધીરજ રાખવી. જૂના દર્દો પરેશાન કરે. ઉધરાણીની ચિંતા સતાવે.

સિંહ (મ,ટ,): કોર્ટ-કચેરીમાં વિઘ્નો આવે. કૌટુંબિક કામની દોડધામ વધે. નોકરીમાં મદદ મળે.

કન્યા (પ,ઠ,ણ,): બેંક વગેરે કામ તથા લેવડ-દેવડમાં સાવધાની રાખવી. નોકર ચાકર પર નજર.

તુલા (ર,ત,): વિદ્યાર્થીઓની અશાંતિ વધે. નવા મિત્રોથી સાવધાન રહેવું પ્રેમમાં ગેર સમજ પેદા થાય.

વૃશ્ચિક (ન,ય,): બહારના કામનો બોજ વધશે. નોકરીમાં નવા ફેરફારથી પ્રતિષ્ઠા વધે અને જવાબદારી પણ.

ધન (ભ,ધ,ફ,ઢ,): પ્રવાસમાં વિવાદ ટાળવો. વિરોધીઓની યોજના પર નજર રાખવી.અચાનક તક મળશે.

મકર (ખ,જ,): વાણી પર કાબૂ રાખવો. આર્થિક બાબતે. ચોક્કસ બનશો. સંતાનોના કામમાં વ્યસ્ત રહેવું પડે.

કુંભ (ગ,સ,શ,ષ,): સરકારી નોકરીની યોજના પાર પડશે. જાહેર જીવનમાં અશાંતિ વધે. પ્રવાસમાં વિઘ્નો આવે.

મીન (દ,ચ,ઝ,થ,): વિદેશના કામમાં સાવધાની રાખવી. ધર્મ-કર્મથી શાંતિ મળે. શુભ સમાચાર મળે.

કોઇ પણ સાલમાં 27 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક પસાર થશે. નોકરીમાં પ્રમોશન કે પગાર વધારો થાય. ધંધામાં હરીફોની હેરાનગતિ વધે. આરોગ્ય સામાન્ય રહે.ઉધરાણી આવવાથી નવી બચત યોજના બને. ઉમરલાયકના વિવાહ થાય. સમાજમાં સામાન્ય રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં મદદ મળે. નવા ઘર, વાહન, મકાનની યોજના વર્ષની શરૂઆતમાં પાર પડે. સંતાનોના કેરીયરમાં પ્રગતિ થાય. વર્ષ દરમિયાન વધારાની આવકમાં મિત્રોની મદદ મળે. વારસા, જાયદાદ, જમીન બાબતે વડીલોની મદદ મળે. વિદ્યાર્થીઓને તક મળે. વિદેશના કામમાં પ્રગતિ થાય. મિત્રો-વડીલોની સંતાનોના અભ્યાસમાં મદદ મળે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. માર્ચ - એપ્રિલ તથા ઓક્ટોબર - નવેમ્બરમાં સરકારી યોજનાથી લાભ થાય. ડિસેમ્બર-જાન્યુઆરીમાં નવી જવાબદારીથી કામનો બોજ વધે.

શબ્દગુંફન - ૬૯૨૭

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. એક જળચર પક્ષી (૩)
૩. ઝટ ભાંગી જાય એવું (૪)
૬. ટીખળ, મશ્કરી (૩)
૮. પળ (૨)
૯. હાથ, વેરો (૨)
૧૦. બોલવાની ચાલાકી (૫)
૧૨. હેતવાળું, લાગણીવાળું (૪)
૧૪. નોતરું, ઈજન (૩)
૧૫. સેવક, નોકર (૩)
૧૭. નફો, લાભ (૩)
૧૮. સ્નેહ (૨)
૧૯. પરમેશ્વર (૨)
૨૦. હિંમત (૨)
૨૧. એકઠું થયેલું (૨)
૨૨. માસીના પતિ (૨)
૨૩. કિરણ, સૂંઢ (૨)
૨૫. પર્વત કે સરોવર માંથી પડતો કુદરતી જળપ્રવાહ (૨)
૨૭. ફૂદકો, તાલાવેલી (૩)
૨૮. રહસ્ય, ભેદ (૩)
૩૦. પળ, ક્ષણ (૨)
૩૧. પર્વત, પહાડ (૩)
૩૨. અનુકરણ (૩)

ઊભી ચાવી
૧. જેલનો ઉપરી (૬)
૨. ઓછું, ખરાબ (૨)
૩. લાગ, પ્રસંગ (૨)
૪. યોગ્યતા (૩)
૫. મશગૂલ, તલ્લીન (૪)
૭. જુલમી, નિર્દય (૩)
૮. ચાલાક, કુશળ (૨)
૧૦. રાત્રિ ભોજન (૨)
૧૧. મુસાફર, યાત્રી (૩)
૧૨. આશય, હેતુ (૪)
૧૩. ઉધ્ધાર કરનાર (૫)
૧૫. ઝડપ, ગતિ (૨)
૧૬. કૃપા દાખવનાર (૪)
૧૯. પાંચમું પાતાળ (૪)
૨૩. કાપળ, લૂગડું (૩)
૨૪. પૈસાદાર (૨)
૨૬. ભીંત (૩)
૨૮. હશે, છો ને (૨)
૨૯. ઈચ્છા, મરજી (૨)



૬૯૨૭ - ઇઝી ક્રોસ્વર્ડ

બાકી દેવાના કારણે પાકિસ્તાનને અઝલાન શાહ કપમાં આમંત્રણ ન અપાયું

પીએચએફના માજી અધિકારીએ ગત અઝલાન શાહ કપ દરમિયાન લીધેલા ખોટા નિર્ણયથી PHF MHFનું દેવાદાર બન્યું હતું

કરાચી, તા. 26 : મલેશિયન હોકી ફેડરેશને બાકી દેવાને કારણે ગયા વર્ષના રનર્સ-અપ પાકિસ્તાનને આ વર્ષે નવેમ્બરમાં અઝલાન શાહ કપ માટે આમંત્રણ આપ્યું નથી. પાકિસ્તાન હોકી ફેડરેશનના એક સૂત્રના જણાવ્યા અનુસાર, પીએચએફના માજી અધિકારીએ ગયા અઝલાન શાહ કપ દરમિયાન કેટલાક ખોટા નિર્ણયો લીધા હતા જેના પરિણામે પીએચએફ મલેશિયન હોકી ફેડરેશનનું દેવાદાર બન્યું હતું.મલેશિયન આયોજકો પરિસ્થિતિથી ખુશ ન હતા તેથી તેમણે ગયા વર્ષના રનર્સ-અપ પાકિસ્તાનને આમંત્રણ આપ્યું ન હતું. સૂત્રએ જણાવ્યું હતું કે પીએચએફ અધિકારીઓ મલિશયન હોકી સાથે આ મામલો ઉકેલવાનો પ્રયાસ કરી રહ્યા છે અને આ અઠવાડિયાના અંત સુધીમાં આમંત્રણ મળવાની અપેક્ષા છે. તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન અને મલેશિયા વચ્ચે વર્ષોથી હોકીમાં ખૂબ જ મજબૂત સંબંધ રહ્યા છે અને આ મુદ્દાનો ઉકેલ લાવવો જોઈએ.

ન્યૂઝીલેન્ડે પાંચમી ટી-20માં માત્ર 10 ઓવરમાં લક્ષ્યાંક કબજે કરી પાકિસ્તાનને 8 વિકેટે હરાવ્યું

પાકિસ્તાની ટીમ નિર્ધારિત 20 ઓવરમાં નવ વિકેટે માત્ર 128 રન બનાવી શક્યું

સૈફર્ટની તોફાની ઇનિંગથી ન્યૂઝીલેન્ડે 10 ઓવરમાં બે વિકેટે 131 રન બનાવી સીરિઝ 4-1થી જીતી

વેલિંગ્ટન, તા. 26 : અહીં આજે બુધવારે રમાયેલી પાંચમી ટી-20માં જેમ્સ નિશમની કાતિલ બોલિંગને કારણે પાકિસ્તાનને 20 ઓવરમાં નવ વિકેટે 128 રન સુધી સિમિત રાખ્યા પછી યજમાન ન્યુઝીલેન્ડે ટિમ સૈફર્ટની આક્રમક નોટઆઉટ ઈનિંગ અને ફિન એલન સાથેની તેની 93 રનની ભાગીદારીની મદદથી 10 ઓવરમાં જ બે વિકેટના ભોગે 131 રન બનાવીને પાકિસ્તાનને 8 વિકેટથી હરાવવાની સાથે સીરિઝ 4-1થી જીતી લીધી હતી.

પ્રથમ વિકેટ માટે સેફર્ટ અને એલન વચ્ચે 93 રનની ભાગીદારી થઈ હતી. એલન 27 રન બનાવીને આઉટ થયો. તે પછી ચેપમેન પણ તરત આઉટ થયો હતો. જો કે સૈફર્ટ 38 બોલમાં છ ચોગ્ગા અને 10 છગ્ગાની મદદથી 97 રન બનાવીને નોટઆઉટ રહ્યો હતો. પાકિસ્તાન તરફથી સુફિયાન મુકીમે બંને વિકેટ લીધી હતી.

આ પહેલા ન્યુઝીલેન્ડના કેપ્ટન માઈકલ બ્રેસવેલે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધા બાદ ન્યુઝીલેન્ડના અનુભવી ઓલરાઉન્ડર જેમ્સ 4 ઓવરમાં 22 રન આપીને 5 વિકેટ ખેરવતા પાકિસ્તાન નવ વિકેટે 128 રન સુધી સિમિત રહ્યું હતું. તેમના તરફથી કેપ્ટન સલમાન અલી આગાએ 51 રન બનાવ્યા હતા, તેના સિવાય કોઈ બેટ્સમેન મોટી ઈનિંગ્સ રમી શક્યો નહોતો. ન્યૂઝીલેન્ડ વતી જેક ડફીએ બે તેમજ બેન સીઅર્સ અને ઈશ સોઢીએ પણ 1-1 વિકેટ લીધી હતી.

પાકિસ્તાન	રન	બોલ	4	6
હારિસ કો.હે બો.સિઅર્સ	11	17	2	0
નવાઝ કો.નીશમ બો.ડફી	0	3	0	0
યુસુફ કો.હે બ